# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 11/09/2026 EVENING: 7.50 TO 8.00**

**DAY: FRIDAY NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, બ્રિક્સ દેશ વૈશ્વિક નવીનતા અને નિવારણના મહત્વના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યા છે.**

2) **પ્રધાનમંત્રી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને બંને દેશના લોકોના સંબંધિત ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની પ્રગતિની સમીક્ષા કરી.**

3) **અમદાવાદમાં BLO સાથેના સંવાદમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તેમને મતદારો માટે ચૂંટણી પંચનું જીવંત પ્રતિબિંબ ગણાવ્યું.**

4) **યમનના હૂથિ બળવાખોરોએ લાલ સાગર પર બાબ અલ-મન્ડેબ સમુદ્રધૂનીના મયૂન ટાપુ પર કબજો કર્યો.**

5) **ચીનમાં જૂનિયર એશિયા કપ હૉકીની સેમિફાઈનલમાં મલેશિયાને હરાવી ભારતીય પુરુષ ટીમ ફાઈનલમાં.**

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV BRICS BUSINESS FORUM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, બ્રિક્સ દેશ વૈશ્વિક નવીનતા અને નિવારણના મહત્વના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યા છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે આજે સાંજે બ્રિક્સ બિઝનેસ ફોરમના નેતાઓના સત્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, બ્રિક્સ દેશ આજે વિશ્વની 50 ટકા વસતિ, અંદાજે 40 ટકા વૈશ્વિક જીડીપી – કુલ સ્થાનિક ઉત્પાદન અને 25 ટકાથી વધુ વૈશ્વિક વેપારનું પ્રતિનિધિનિત્વ કરે છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) GDP

*(आज ब्रिक्स के देश विश्व की 50% पॉपुलेशन 40% जीडीपी और 25% से अधिक ट्रेड को रिप्रेजेंट करते हैं। इतना ही नहीं, इन वर्षों में जहां ग्लोबल जीडीपी करीब ढाई गुना हुई है, वहीं ब्रिक्स देशों की कंबाइंड जीडीपी करीब 4.5 गुना हुई है। यानी ब्रिक्स की इकोनॉमिक स्ट्रेंथ दुनिया की तुलना में करीब दो गुनी रफ्तार से बढ़ी है। ब्रिक्स देश ग्लोबल इनोवेशन और सॉल्यूशंस के लिए महत्वपूर्ण सेंटर्स भी बन रहे हैं।)*

પ્રધાનમંત્રીએ વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતને વિકાસ અને સ્થિરતા માટે વિશ્વાસનું પર્યાય ગણાવ્યું. તેમણે મેક ઇન ઇન્ડિયા, ઇનોવેટ વિથ ઇન્ડિયા અને સ્કેલ ફોર ધ વર્લ્ડનું આહ્વાન કર્યું. આ પ્રસંગે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન, ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસુદ પેઝેશ્કિયન અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ સિરિલ રામાફોસા ઉપસ્થિત રહ્યા.

# REV EVE PM BILATERALS BRICS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને આજે રાજકીય, આર્થિક, સંરક્ષણ, ઉર્જા, અવકાશ, કૌશલ્ય આદાનપ્રદાન અને બંને દેશના લોકોના સંબંધિત ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની પ્રગતિની સમીક્ષા કરી. દિલ્હીમાં યોજાયેલા દ્વિપક્ષીય સંવાદ દરમિયાન બંને નેતાઓએ પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષ સહિતના પરસ્પર હિતના મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાનપ્રદાન કર્યું.

પ્રધાનમંત્રીએ ફરી પુનરોચ્ચાર કરતા કહ્યું, સંઘર્ષોના નિવારણ માટે સંવાદ અને રાજદ્વારી જ એકમાત્ર રસ્તો છે અને ભારત શાંતિ પ્રયાસોમાં સહકાર આપવા તત્પર છે.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)**

*(2040 साल तक नीतिश के मार्गदर्शन तमिलनाडु में जितने बोल वो सब तो 2040 साल में मानव जीवन की हर एक विषय को सब लोग ने टच कर दिया है। इतनी अच्छी लैंग्वेज में ट्रांसलेशन हुआ है। मुझे विश्वास है कि पेपर तो कोरोना कॉन्टैक्ट भाई साहब को ले सावन को को पढ़ने के बाद बहुत बढ़ी भूमिका।)*

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, પ્રધાનમંત્રી મોદી અને શ્રી પુતિને નવ સપ્ટેમ્બરથી આજ સુધી ભારતમાં પહેલી વાર યોજાયેલી રશિયાની આંતરરાષ્ટ્રીય ઔદ્યોગિક પ્રદર્શની ઇન્નોપ્રોમ ઇન્ડિયાનું સ્વાગત કર્યું. આ પ્રદર્શની વેપાર અને ઔદ્યોગિક સંબંધનું હજી વિસ્તરણ કરવામાં તેને મહત્વને દર્શાવે છે. બંને નેતાઓએ ઇન્નોપ્રોમ ઇન્ડિયા પ્રદર્શનીનું અવલોકન કર્યું અને સ્પર્ધકો સાથે વાતચીત કરી.બંને નેતાઓએ બંને દેશ વચ્ચે વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવાના પ્રયાસમાં જોડાયેલા રહેવા પર સંમતિ દર્શાવી. રાષ્ટ્રપ્રમુખ પુતિને 24-મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા આપેલા નિમંત્રણનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વીકાર કર્યો.

# FUR REV DELEGATION BRICS

નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે આવતીકાલથી શરૂ થનારા 18-મા બ્રિક્સ શિખર સંમેલન માટે મંચ સંપૂર્ણ સજ્જ છે. સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સહિતના વિશ્વના ઘણા મોટા નેતાઓ ઉપસ્થિત રહેશે. આવતીકાલે બ્રિક્સ ભાગીદાર દેશોની બેઠક સાથે સંમેલનનો શુભારંભ થશે, જેનો વિષય વૈશ્વિક સંસ્થાઓને વધુ સમાવિષ્ટ બનાવવી અને બહુપક્ષીયતાને મજબૂત બનાવવાનો હશે.

## (VOICECAST: MUKESH BAL)

*(ઇસ વર્ષ બ્રિક્સ શિખર સંમેલન કા વિષય હૈ લચીલાપન, નવાચાર, સહયોગ ઔર સ્થિરતા કે લિયે નિર્માણ। સંમેલન મેં રૂસ કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીન કે રાષ્ટ્રપતિ શી જિનપિંગ, દક્ષિણ અફ્રિકા કે રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા, મિશ્ર કે રાષ્ટ્રપતિ અબ્દુલ ફતહ અસીસી, ઇન્ડોનેશિયા કે રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો, ઈરાન કે રાષ્ટ્રપતિ મસૂદ પજેશ્કિયન ઔર અબુધાબી કે યુવરાજ શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સહિત વિશ્વ કે કઈ બડે નેતા ભાગ લેંગે। સોપર્ણા કી રિપોર્ટ કે સાથ સમાચાર કક્ષ સે મુકેશ કુમાર બલ)*

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

--------------------------------------------------------------------------------

# VP DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના પ્રવાસે છે. આજે સિલ્વાસાની ડૉક્ટર એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કૉલેજ ખાતે એક જાહેર કાર્યક્રમને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, આ કેન્દ્રશાસિત પ્રદેશ કઈ રીતે નવું શાસન અને જનભાગીદારી પરિવર્તનલક્ષી વિકાસને વેગ આપી શકે એ વાતનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે કેન્દ્રશાસિત પ્રદેશની સામાજિક વિવિધતા, સાંસ્કૃતિક વારસા અને સુમેળભરી ભાવનાની પ્રશંસા કરી અને તેને મિની ઇન્ડિયા એટલે કે લઘુ ભારત તરીકે વર્ણવ્યું.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિએ 'પીએમ વિશ્વકર્મા' યોજનાના લાભાર્થીઓને વિવિધ સામગ્રી અને નવા નિમાયેલા શિક્ષકોને નિમણૂક પ્રમાણપત્રોનું વિતરણ કર્યું.

# GYANESH KUMAR AMD VISIT

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે બૂથસ્તરના અધિકારી – BLOને મતદારો માટે ચૂંટણી પંચનું જીવંત પ્રતિબિંબ ગણાવ્યું. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ સભાખંડ ખાતે “બૂથસ્તરના અધિકારીઓ સાથેની ચર્ચા” કાર્યક્રમમાં રાજ્યના 500થી વધુ BLO સાથેના સંવાદમાં તેમણે કહ્યું, ભારત જેવા વિશાળ દેશમાં મતદારો સુધી પહોંચીને તેમની મતદારયાદીમાં યોગ્ય નોંધણી, સુધારા અને મતદાન સુનિશ્ચિત કરવામાં BLO-ની ભૂમિકા ઘણી મહત્વની છે. શ્રી જ્ઞાનેશ કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 18 વર્ષ પૂર્ણ કરનારા દરેક પાત્ર ભારતીય નાગરિકનું નામ મતદાર યાદીમાં હોવું જોઈએ.

**(BYTE: GYANESH KUMAR, CHIEF ELECTION COMMISSIONER OF INDIA)**

*(ભારત કા હર નાગરિક ઓર ખાસતૌર સે હમારે ઊર્જાવાન યુવા, વો ECW કી ચુનાવ આયોગ કી ECI Net કો ડાઉનલોડ કરે એપ કો ઓર ઉસકે બાદ ઉસમે વૉટર આઈડી કા નંબર ડાલકર અપના મદાતા હોને કા સુનિશ્ચિત કરે. અગર કોઈ ભી મદાતા સૂચી સંબંધી જાણકારી યા સહાયતા કી આવશ્યકતા હો તો ઉસી ECI Net સે અબ આપકે અપને B.L.O. સે એક કૉલ બુક ભી આપ કર સકતે હૈ. હમ સબ કો મિલકર ભારત કે હર નાગરિક ઔર હર યુવા કો મિલકર યે સુનિશ્ચિત કરના હૈ કી ભારત કા હર નાગરિક જો 18 વર્ષ કી આયુ પૂરા કર ચુકા હો, વો છૂટને ન પાય.)*

# YEMEN SAUDI

ઈરાન સમર્થિત યમનના હૂથિ બળવાખોરોએ લાલ સાગરના પ્રવેશદ્વાર પર આવેલા બાબ અલ-મન્ડેબ સમુદ્રધૂનીના મયૂન ટાપુ પર કબજો કરી લીધો. તેનાથી સાઉદી અરબના તેલ નિકાસ પર વધુ જોખમ સર્જાઈ શકે છે. યમનની આંતર-રાષ્ટ્રીય સ્તર પર માન્યતા પ્રાપ્ત સરકારના એક વરિષ્ઠ સૈન્ય અધિકારી અને એક હૂથિ અધિકારીએ મયૂન પર કબજાની પુષ્ટિ કરી છે. આ ટાપુ યમનના પશ્ચિમી કાંઠાથી અંદાજે સાડા ત્રણ કિલોમીટર દૂર આવેલો છે.

સાઉદી અરબે વળતી કાર્યવાહી કરતા મુખ્ય બંદર શહેર મોખાના વિમાનમથક પર હવાઈ હુમલા કર્યા, જેની પર હૂથિ બળવાખોરોએ ગઈકાલે કબજો કર્યો હતો. આ પહેલા શુક્રવારે ઈરાન સરકારે સાઉદી અરબ દ્વારા યમનની નાકાબંધી સમાપ્ત કરવાનું આહ્વાન કર્યું અને તેના સહયોગી હૂથિ બળવાખોરો પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું. બળવાખોરોના મોખામાં પ્રવેશ બાદ ઈરાનના વિદેશ મંત્રાલયે સાઉદી અરબ અને હૂથિ બળવાખોરો વચ્ચે સંવાદ ફરીથી શરૂ કરવાનું પણ આહ્વાન કર્યું.

# REV HOCKEY

જૂનિયર એશિયા કપ હૉકીની પહેલી સેમિફાઈનલમાં મલેશિયાને ત્રણ-એકથી હરાવી ભારતીય જૂનિયર પુરુષ ટીમ ફાઈનલમાં પહોંચી. ચીનના મોંકી ખાતે ચાલી રહેલી આ સ્પર્ધામાં સ્કિપર અનમોલ એક્કાએ બે અને સુખવિંદરે એક ગોલ કર્યો. પાંચ વખતના વિજેતા ભારતે પુલ એ-ના તેમના અંતિમ મેચમાં ચાઈનીઝ તાઈપેઈને 15-શૂન્યથી હરાવી અંતિમ ચારમાં પ્રવેશ કર્યો. તો, ભારતીય જૂનિયર મહિલા ટીમ આવતીકાલે સેમિફાઈનલમાં દક્ષિણ કૉરિયા સામે રમશે.

# BANKERS BOOK ACT OCT

બૅન્કર્સ બુક્સ ઍવિડેન્સ ઍક્ટ – 2026 આગામી પહેલી ઑક્ટોબરથી અમલમાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આ અધિનિયમને 13 ઑગસ્ટે મંજૂરી આપી હતી. આ નવો કાયદો 1891ના બૅન્કના ચોપડા કે દસ્તાવેજોને પૂરાવા તરીકે માન્ય રાખતા કાયદા - બૅન્કર્સ બુક્સ ઍવિડૅન્સ એક્ટની જગ્યા લેશે. આધુનિક બૅન્કિંગ વ્યવસ્થા મુજબ, બૅન્કિંગ રિકોર્ડને પૂરાવા તરીકે ઉપયોગ કરવા નવો કાયદો આધુનિક પાયો ઉપલબ્ધ કરાવશે. તેમાં કાગળ, ઇલેક્ટ્રૉનિક, ડિજિટલ, વર્ચ્યૂઅલ, ક્લાઉડ આધારિત અને અન્ય આધુનિક સ્વરૂપોમાં રખાયેલા બૅન્કિંગ રિકોર્ડને માન્યતા અપાઈ છે.

નવા કાયદાઓનો ઉદ્દેશ વર્તમાન બૅન્કિંગ વ્યવસ્થાની જરૂરિયાત મુજબ કાયદાકીય માળખાને આધુનિક બનાવવાનો છે. તે અંતર્ગત બૅન્કર્સ બુક્સ સાથે સંબંધિત પૂરાવા માટે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે અને તેને ડિજિટલ બૅન્કિંગ વ્યવસ્થા તરીકે બનાવાયો છે. કાયદા મુજબ, બૅન્કર્સ બુકનો કોઈ પણ ઇલેક્ટ્રૉનિક કે ડિજિટલ રિકોર્ડ પૂરાવા તરીકે સ્વીકાર્ય, માન્ય અને કાયદેસર રીતે લાગૂ કરી શકાય તેવા રહેશે.